## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો આ પાંચસો અને હજારની નોટો... બેંકમાં જઈને લાઈનમાં ઉભા રહો... મને ખબર જ હતી કે તમારી પાસે કાંઈ નહી હોય અને સમાજમાં મારું ખરાબ લાગશે...!!

# ઘરના લગ્નપ્રસંગવાળા પરિવારો નોટો બદલાવવાના ચક્કરમાં

**મોટા પાર્ટી પ્લોટો, કેટરીંગ-ડેકોરેશન કે મ્યુઝિક પાર્ટીવાળાઓએ જુની નોટો સ્વીકારવાની ખાત્રી આપતા સોદા ટક્યાં : કેટલાકને ''સંગીત સંધ્યા'' કે ''રાસ ગરબા'' રદ કરવા પડી રહ્યાં છે. પાર્ટી પ્લોટવાળા ના માને તો સોસાયટીના કોમન પ્લોટ બુક કરાવવા દોડધામ**

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં ચલણી નોટો બદલાવવાના બીજા દિવસે પણ તમામ બેંકો પર ભારે ભીડ અને લાંબી લચક લાઈનો જોવા મળી હતી. આજની ભીડમાં જે નાગરિકોના ઘરમાં લગ્ન પ્રસંગોના આયોજનો હાથ ધરાયા છે તેમનો સમાવેશ થયેલો જોવા મળ્યો હતો. શહેરમાં આજથી ચાલુ થયેલ લગ્નસરાની મોસમમાં લગ્નના આયોજકો એકાએક ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો બંધ થઈ જવાથી મુશ્કેલીમાં મુકાયાં છે અને ઘણી જગ્યાએ લગ્ન પ્રસંગોમાં કેટલાક કાર્યક્રમો પડતા મુકવા પડે તેવી પરિસ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે.



આજની દેવઉઠી અગિયારશથી શહેરમાં લગ્નસરાની મૌસમનો પ્રારંભ થયો હતો. જેના ઘરમાં લગ્ન પ્રસંગનું આયોજન થયું હોય તેમણે ઘણા સમય પૂર્વેથી પાર્ટી પ્લોટ, કેટરીંગ, મંડપ-ડેકોરેશન, કપડાં-લત્તા, ઘરેણાં, ફોટા-વિડીયો, પાર્ટી-બેન્ડવાજા, વાસણો, કરિયાણુ સહિત અનેક ચીજવસ્તુઓની તૈયારીઓ કરવી પડે છે. છેલ્લી ઘડીએ તકલીફ ના પડે તે હેતુથી આ બધુ એડવાન્સમાં બુકિંગ કરાવી દેવુ પડે છે જેના માટે ટોકન એડવાન્સ રકમ આપવામાં આવી હોય છે પરંતુ બાકીની રકમ પ્રસંગ પ્રત્યે ચુકવવામાં આવતા હોય છે. આ બધામાં મોટાભાગના પેમેન્ટ 'કેશ' માં જ થતા હોય છે. જો કે આ વખતે જેના ઘરમાં નવેમ્બર માસમાં લગ્ન પ્રસંગ આયોજિત કરાયા છે તેઓ સરકારના ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાના કારણે મુશ્કેલીમાં મુકાયા છે. જે કારણે ઉપરોક્ત બધી સેવાઓ તથા ચીજવસ્તુઓ માટે જે ૫૦૦, ૧૦૦૦ની નોટોના સ્વરૂપે નાણાં ઘરમાં રાખ્યા હતા તે હવે બિનઉપયોગી બની જવા પામ્યા છે. વળી, આ નોટો બદલવાની પણ લિમીટ માત્ર રૂ. ૪ હજાર અથવા ખાતામાં ભરી ઉપાડવાની મર્યાદા સપ્તાહના માત્ર રૂ. ૨૦ હજાર હોઈ

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા

## જિલ્લામાંથી ૨૫૧૪૪ ઉમેદવારો હાજરી આપશે

ગાંધીનગર તા ૧૧

આવતીકાલે લેવાનારી ડેપ્યુટી સેકશન ઓફિસરની પરીક્ષાને અનુલક્ષી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રવિવારે ૧૧ થી ૧૨ કલાક દરમિયાન પરીક્ષા લેવાશે. ગાંધીનગર જિલ્લામાંથી ૨૫૧૪૪ ઉમેદવારો પરીક્ષા આપશે. ડેપ્યુટી મામલતદાર વર્ગ-૩ અને સેકશન ઓફિસરની આ કસોટી માટે જિલ્લાના ૯૪ બિલ્ડીંગોના ૧૦૪૮ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

છેલ્લા એક મહીનાથી સ્પર્ધાત્મક પરીક્ષાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. તહેવારના સમયમાં બે રવિવારને બાદ કરતા દર અઠવાડીયાના અંતમાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી રહી છે. જયારે આગામી રવિવારે પણ ડેપ્યુટી સેકશન ઓફિસર તેમજ ડેપ્યુટી મામલતદાર વર્ગ-૩ ની પરીક્ષા લેવાશે. ઓ એમ આર પધ્ધતિથી આ પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૨૫૧૪૪ ઉમેદવારો પરીક્ષા આપશે. જિલ્લામાં ૯૪ બિલ્ડીંગાના ૧૦૪૮ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે.

# ગાંધીનગર પ્રાંતનો પ્રગતિસેતુ કાર્યક્રમ ૧૮મીએ ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર પ્રાંત કક્ષાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ આગામી ૧૮મી નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જે અંગેની તડામાર તૈયારીઓ પ્રાંત કચેરી દ્વારા આરંભી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે યોજાનાર આ પ્રગતિ સેતુ કાર્યક્રમ પારદર્શકતા, સંવેદનશીલતા તેમજ જવાબદારીપણાની ભાવના સાથે પ્રજાભિમુખ વહીવટ પુરો પાડવામાં આવી રહ્યો છે તેની અનુભૂતિ કરાવશે.

આ કાર્યક્રમમાં સામુહિક રજુઆતો જેમાં કામગીરી મંજૂર થયા પછી અમલવારીને લગતી રજુઆતો કરી શકાશે. વિકાસના કામો અંગે પણ રજુઆતો કરી શકાશે. આ માટે પ્રાંત અધિકારી સંકલનકર્તા તરીકે રહેશે.

જિલ્લાના ૧૭ જેટલા અધિકારીઓની હાજરીમાં વિકાસના કામોને લઈ રજુઆત સાંભળવામાં આવશે જેથી તેના અમલીકરણના વિલંબને ટાળી શકાશે. જે રજુઆતના કિસ્સામાં વધારાની નાણાંકીય જોગવાઈની જરૂરિયાત હોય તેના માટે કલેક્ટરની અધ્યક્ષતાવાળી કમિટી આવશ્યકતા અને અગ્રતા ક્રમ નક્કી કરશે. ગાંધીનગર અને દહેગામ તાલુકાના આ પ્રગતિસેતુ પછી ૨૧મીએ કલોલ અને માણસા તાલુકાનો પ્રગતિસેતુ કાર્યક્રમ માણસા ખાતે યોજાશે. તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ કાર્યક્રમથી જિલ્લામાં વિકાસના કામોને નવો વેગ મળશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

# સે-૧૭ પોસ્ટ ઓફિસમાં હોબાળો

## પોસ્ટના વીમા પેટે રૂ. ૫૦૦ના દરની નોટ લેવાનો કર્મચારીઓએ ઈન્કાર કરાતા હોબાળો મચ્યો

ગાંધીનગર, તા.૧૧

ભારત સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦ની નોટ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવતા તમામ ક્ષેત્રમાં છુટા રૂપિયાને લઈ ભારે અફરા તફરી મચી જવા પામી છે. જીવન જરુરી ચીજવસ્તુ ખરીદીમાં છુટા રૂપિયા ન હોવાથી સામાન્ય નાગરિક હેરાન પરેશાન થઈ ગયો છે ત્યારે સેકટર-૧૭ પોસ્ટ ઓફિસ ખાતે રૂ.૫૦૦ના દરની નોટ પી.એલ.આઈ.ના વીમા પેટે પણ પોસ્ટ કર્મચારીઓએ નહીં સ્વીકારતા નાગરિકોએ હોબાળો મચાવ્યો હતો. તો બીજી તરફ રૂ. ૫૦૦ની નોટ પોસ્ટમાં પણ બદલી આપવામાં આવશે તેમ ભારત સરકાર દ્વારા જાહેરાતના માધ્યમથી સતત પ્રચાર પ્રસાર કરી રહ્યા છે ત્યારે નાગરિકો તેમજ સિનિયર સિટિઝન નાગરિકો કલાકો સુધી બેસી રહ્યા બાદ નંબર આવતા રૂ. ૫૦૦ની નોટ લેવાનો ઈન્કાર કરાતા નાગરિકોએ વીલા મોંઢે પરત ફરવાનો વારો આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સે-૧૭ પોસ્ટ ઓફિસ ખાતે રૂ. ૫૦૦ની નોટનો સ્વીકાર કરવામાં આવશે નહીં તેવું સૂચના દર્શાવતું બોર્ડ પણ મુકવામાં આવ્યું નથી જેને અનુલક્ષીને નાગરિકોને હેરાન પરેશાન થવાનો વારો આવતા રોષ ભભૂકી ઉઠયો હતો.

આજે સવારથી જ ગાંધીનગર સે-૧૭ પોસ્ટ ઓફિસ ખાતે રૂ.૫૦૦ની ચલણી નોટો બદલવા માટે તેમજ ગેસ બીલ ભરવા માટે ગ્રાહકોએ લાંબી લાઈનો લગાવી હતી. પરંતુ પોસ્ટ વિભાગના તઘલખી નિર્ણયથી હજ્જારો લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. ગેસ બીલ તેમજ પોસ્ટના પી.એલ.આઈ.ના વીમા પેટે પણ નોટ લેવાનો ઈન્કાર કર્યો હતો. પોસ્ટના તઘલખી નિર્ણયથી હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા હતા તદ ઉપરાંત સે-૧૭ પોસ્ટ ઓફિસમાં સ્ટાફ ઓછો હોવાનું બહાનું કાઢીને ચલણ પણ સ્વીકારવામાં આવતું નથી. શહેરની પોસ્ટ ઓફિસમાં મની એકસચેન્જના કાઉન્ટર ઉપલબ્ધ હતા જયારે સે-૧૭માં વ્યવસ્થા નહીં હોવાથી નાગરીકોમાં ભારે રોષ પ્રવર્ત્યો હતો.

# બીજા દિવસે ચિલોડા બેંકોમાં લાઈનો લાગી



ચિલોડા, તા. ૧૧

રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ના દરની ચલણી નોટ રદ થતા બીજા દિવસે કામ-ધંધા કોરાણે મુકી પુરૂષો, મહિલાઓ, સિનિયર સીટીઝનો લાઈનમાં કલાકો સુધી ઉભા રહ્યા હતા. ચિલોડા સ્ટેટ બેંક, યુનિયન બેંક, એડીસી બેંકમાં સૌથી વધુ ભીડ જોવા મળી હતી. તમામ બેંકો પર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી હતી. નોટ બદલવાની અને ઉપાડવામાં ગરીબ મધ્યમ વર્ગ હાલાકી વેઠવા મજબુર બન્યો છે. ત્યારે રૂ. ૨૦૦ની નોટ જેવી નાગરિકોના હાથમાં આવતા કંઈક નવો અહેસાસ થઈ રહ્યો છે. રૂ. ૨૦૦૦ની નોટના કાગળ સાઈઝ અને કલરથી નારાજ જણાતા હતા.

આવસ્યક ચીજવસ્તુની ખરીદીમાં ૨૦૦૦ રૂ.ની નોટ વટાવવા મુશ્કેલી અને અઘરી રહેશે તેવું જણાઈ આવે છે. બેંકોમાં બીજા દિવસે હજુયે લાંબી કતારો લાગતા તમામ આર્થિક વ્યવહારમાં ખરીદી વેચાણમાં અત્યારે બજારો સુમસામ બન્યા છે. ચિલોડા બેંકોમાં એટીએમ કેન્દ્ર પર ભીડ જામી હતી પરંતુ એસબીઆઈનું એટીએમ બંધ હોવાથી લોકો નારાજ થયા હતા.

# ભાજપ માણસા વિધાનસભા વિસ્તારનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ૧૦મીએ અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ, માણસા ખાતે માણસા વિધાનસભા મત વિસ્તારનું દિવાળીસ્નેહ સંમેલન યોજાઈ ગયું.

નવા વર્ષના આ સંમેલનમાં ઉપસ્થિત પ્રદેશના મહામંત્રીશ્રી કે.સી. પટલે જણાવ્યું કે નવું વર્ષ દરેક કાર્યકર્તાનો સુખમય, આનંદમય અને મંગલમય જાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને રાષ્ટ્રીય એન એમ ટી એવોર્ડ એનાયત



ગાંધીનગર તા ૧૧

ગુડા દ્વારા ગાંધીનગરમાં શરૂ કરાયેલા સાયકલ શેરીંગ પ્રોજેકટને રાષ્ટ્રીય એન એમ ટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના શહેરી વિકાસ રાજય મંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીના હસ્તે આજે ગુડાના ચેરમેનને આ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુડા દ્વારા ટુંક સમયમાં જ નગરજનો માટે ૨૦ નવા સાયકલ સ્ટેન્ડ સાથે ૪૦૦ સાયકલો પણ નવી ખરીદવામાં આવશે.

ગાંધીનગર ખાતે યોજાયેલી ચાર દિવસીય અર્બન મોબીલીટી ઈન્ડીયા કોન્ફરન્સના અંતે ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટ માટે રાષ્ટ્રીય એન એમ ટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના શહેરી વિકાસ રાજય મંત્રી ઈન્દ્રજીતસિંગ રાવ અને રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પેટલના હસ્તે ગુડાના ચેરમેન આશિષ દવે અને સી ઈ ઓ અશોક શર્માને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા શરૂ કરવામાં આવેલા સાયકલ શેરીંગ પ્રોજેકટની પ્રશંસનીય પહેલ બદલ એન એમ ટી રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુડા દ્વારા હાલ ૧૦૦ સાયકલો તેમજ ૧૧ સ્ટેન્ડ ઉભા કરાયા છે. જયારે ટુંક સમયમાં જ ગુડા દ્વારા શહેરમાં નવા ૨૦ સ્ટેન્ડ તેમજ ૪૦૦ જેટલી સાયકલો પણ નવી ખરીદવામાં આવશે. ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટનો પ્રતિદિન ૫૦૦ જેટલા નાગરિકો લાભ લઈ રહયા છે. આરોગ્યની દ્રષ્ટીએ પણ ગુડાનો સાયકલ શેરીંગ પ્રોજકટ નગરજનો માટે લાભદાયી પુરવાર થયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે પ્રદુષણની સમસ્યાને ડામવા અને જનઆરોગ્ય સુખાકારીને ધ્યાને લઈ ગુડા દ્વારા આ પ્રોજેકટને વધુ વેગ આપવાનો નિર્ણય લેવાયો છે.

# સીનીયર સીટીઝનોને બસમાં મફત મુસાફરીનો લાભ આપો

ગાંધીનગર, તા.૧૦

હાલમાં સીનીયર સીટીઝનોને રેલ્વેમાં ૪૦ ટકા તથા અમદાવાદ મ્યુનિસિપલ એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવામાં આવી રહ્યો છે. બેંકમાં પણ સીનીયર સીટીઝનને વ્યાજનો દર વધુ મળે છે તેમજ અપંગોને પણ એસ.ટી. બસમાં તેમજ રેલવેના વિવિધ લાભ મળી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગોને લાભ આપતી જાહેરાતો કરી છે તો સીનીયર સીટીઝનોને એસ.ટી. બસની મુસાફરીમાં કોઈ લાભ આપવામાં આવતો નથી. આમાં એસ.ટી. બસમાં અન્યાય થઈ રહ્યો છે. સીનીયર સીટીઝનોની અનેક રજુઆતો છતાં વર્ષોથી લાભ મળતો નથી. મફત મુસાફરીનો લાભ આપવાની માંગ ઉઠવા પામી છે તેમ બાલવાના સીનીયર સીટીઝન શ્રી સુરેશભાઈ નટવરલાલ ત્રિવેદીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# શહેર કોંગ્રેસે ચૂંટણીની વ્યુહરચના તૈયાર કરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ અખબારી યાદીમાં જણાવે છે કે, ડૉ. કૌશિક શાહ પ્રમુખ, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષસ્થાને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી મિટીંગ તા. ૧૦-૧૧-૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરના ૨.૦૦ કલાકે કબીર આશ્રમ, રંગમચ સામે, સેકટર-૨૪, ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. વોર્ડ પ્રમુખ મેરૂસિંહ ચાવડાએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને સૌનું સ્વાગત કર્યું હતું.

આ મિટીંગમાં આગેવાનો દ્વારા એક જ લક્ષ ''મિશન-૨૦૧૭ નવસર્જન-ગુજરાત'' અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી. પ્રદેશ નિરીક્ષક ડૉ. જીતુભાઈ પટેલે પણ આગામી-૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે સૌ સાથે મળી પક્ષનું સંગઠન બની રહે તે દિશામાં સૌએ કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. પ્રમુખ કૌશીક શાહે પણ મિશન-૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી જીતવા સૌ કોંગ્રેસ પક્ષ સાથે ખભેખભા મિલાવી કોંગ્રેસનો જવલંત વિજય થાય તેવી કામગીરી કરવા સૌને અપીલ કરી હતી. તેમજ સેલના ચેરમેનો, કોર્પોરેટરો દ્વારા પક્ષનું સંગઠન વધુ મજબુત થાય તે માટે વોર્ડ-વાઈઝ/સેકટરવાઈઝ સ્નેહ મિલન કાર્યક્રમ તેમજ જરૂરી મિટીંગો યોજવા પ્રમુખે ખાસ જણાવ્યુ હતું. આ ઉપરાંત ધર્મપાલસિંહ ચૌધરી, વિક્રમસિંહ ખાચર, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા વગેરે મહાનુભાવોએ એકજ શૂરમાં આગામી ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે આહવાન કર્યું હતું. તાજેતરમાં યુવા કોંગ્રેસમાં સંગઠનની ચૂંટણીઓ યોજવામાં આવી, જેમાં પ્રદેશ યુવા કોંગ્રેસમાં ઉપપ્રમુખ તરીકે જીતુભાઈ રાયકા તેમજ શહેર જિલ્લા યુવા કોંગ્રેસમાં પ્રમુખ તરીકે ભાવેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે અનુક્રમે યુનુસભાઈ પરમાર, અહેમદભાઈ મનસુરી, કુ. શિખાબેન દેસાઈ અને મહામંત્રી તરીકે અનુક્રમે અશોકભાઈ ઠાકોર, મિહિરભાઈ પટેલ અને મેહુલભાઈ રાઠોડ ચુંટાઈ આવેલ તેઓનું મહાનુભાવોના હસ્તે ફૂલહારથી અભિવાદન કરવામાં આવ્યું હતું. વડોદરા યુનિવર્સિટીમાં એનસયુઆઈનો વિજય મેળવેલ તે બદલ અંકિત બારોટનું પણ ફૂલહારથી અભિવાદન કર્યુ હતુ. ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી તા. ૨૬-૧૧-૨૦૧૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સે. ૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

